MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 01, Issue: 02, December 2023

# સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની પ્રવૃત્તિઓ

મકવાણા કેવલકુમાર રવજીભાઈ, પીએચ.ડી. શોધછાત્ર ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

**શોધ સારાંશ :-**

પ્રસ્તુત લેખમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીઓ જ્યારે સૌરાષ્ટ્રમાં સ્થાપવામાં આવી ત્યારે તેમણે કરેલા અનેક કાર્યોને પ્રસ્તુત લેખમાં દર્શાવવામાં આવ્યા છે. જેમ કે, આંતરરાષ્ટ્રીય . લૂંટ કે ધાડ પ્રત્યે બ્રિટિશ એજન્સીની નીતિ, સીમા કે હકૂમતના પ્રશ્નો પર તેમની નીતિઓ, જ્યારે સૌરાષ્ટ્રમાં અનેક હિસ્સાઓમાં વિદ્રોહ થતો ત્યારે બહારવટીયાઓના વિદ્રોહને શાંત કરી સૌરાષ્ટ્રમાં શાંતિ સ્થાપવાની પ્રવૃત્તિ, ખંડણી ઉઘરાવવાની પ્રવૃત્તિ, સામાજિક સુધારાઓની પ્રવૃત્તિઓ, શિક્ષણના વિકાસ માટે અનેક સ્કૂલ અને કોલેજો સ્થાપવાની પ્રવૃત્તિઓ, હોસ્પિટલો સ્થાપવાની પ્રવૃત્તિઓ, ડેમ અને બ્રિજ બાંધવાની પ્રવૃત્તિઓ. તે ઉપરાંત વિશ્વયુદ્ધમાં સહાયક થવા માટેની પ્રવૃત્તિઓ અને રાષ્ટ્રીય ચળવળ પ્રત્યે પ્રોત્સાહન ન આપવાની પ્રવૃત્તિ બ્રિટિશ એજન્સી એ કરેલી હતી. જેની માહિતી ટુંકમાં પ્રસ્તુત લેખમાં આપવામાં આવી છે.

**પ્રસ્તાવના** :- સૌરાષ્ટ્ર પ્રદેશ તરીકે હાલ જે ભૂભાગ ઓળખાય છે, તે સ્વતંત્રતા પૂર્વે કાઠિયાવાડ તરીકે ઓળખાતું હતું. તેથી કાઠીયાવાડના આ પ્રદેશની વ્યવસ્થા માટે અંગ્રેજોએ કાઠીયાવાડ એજન્સીની સ્થાપના કરી હતી. 1820 માં સૌરાષ્ટ્ર ઉપર બ્રિટિશ કંપનીની સત્તા સ્થાપતા બ્રિટિશ સરકારે રાજકોટમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની સ્થાપના કરી હતી. તે બ્રિટિશ કોઠી તરીકે ઓળખાતી હતી, પરંતુ કુંડલાના ખુમાણોના વિદ્રોહ તથા કોળીઓ અને સંધિઓ દ્વારા મોરબી અને ધાંગધ્રાના પ્રદેશોમાં લૂંટફાટ શરૂ કરતાં બે વર્ષ સુધી અંગ્રેજ સરકારે પ્રશ્નોનો ઉકેલ લાવવામાં વ્યસ્ત રહી હતી.[1] તેથી રાજકોટમાં સ્થપાયેલી આ બ્રિટિશ એજન્સીનું પોતાનું વહીવટી કાર્ય ઈ.સ. 1822 માં શરૂ કર્યું હતું.

બ્રિટિશ પોલિટિકલ એજન્સી હેઠળના કાઠીયાવાડના પ્રદેશના તે સમયે 10 પરગણા હતા. તે નીચે મુજબ છે.

(1) ઝાલાવાડ : તેમાં મુખ્ય ધાંગધ્રા, લીંબડી, વઢવાણ, થાન, લખતર, સાયલા, મૂડી અને ચૂડાના ઝાલાવંશના રાજ્યો તથા બજાણા અને અન્ય 45 નાના સંસ્થાનો હતા.

1. અર્વાચીન ગુજરાતનો ઇતિહાસ, પૃષ્ઠ - 387

(2) ગોહિલવાડ: તેમાં ભાવનગર, પાલીતાણા, વળા અને લાઠીના ગોહિલ વંશના રાજ્યો ઉપરાંત 21 નાના રાજ્યો હતા.

(3) ઊંડ સરવૈયાવાડ : તેમાં સરવૈયા તાલુકેદારોના દાઠા, ગણધોળ, ચોક વગેરે તથા બીજા 20 સંસ્થાન હતા.

(4) બાબરીયાવાડ : તેમાં બાબરીયા કાઠીઓનો

ડેડાણ તાલુકો, સીદીવંશનું જાફરાબાદ રાજ્ય તથા અન્ય 30 સંસ્થાન હતા.

(5) કાઠીયાવાડ ( મધ્ય સૌરાષ્ટ્ર ) : તેમાં ગાયકવાડના તાબા હેઠળના અમરેલી પ્રાંત, દામનગર તાલુકો, ખાંભા પેટામહાલ, કોડીનાર તાલુકો, જસદણ, જેતપુર, ચોટીલા, મેંદરડા, બીલખા, બગસરા વગેરે કાઠી રાજ્યો અને 46 બીજા નાના સંસ્થાનું હતા.

(6) સોરઠ : તેમાં સૌરાષ્ટ્રનું સૌથી મોટું પ્રથમ કક્ષાનું જૂનાગઢનું બાબી વંશનું રાજ્ય તથા માંગરોળ, માણાવદર, સરદારગઢ, બાટવાના મુસલમાન તાલુકેદારોના રાજ્ય તથા અમરાપરનું રાજ્ય હતું.

(7) બરડો: તેમાં જેઠવા વંશનું પોરબંદરનું રાજ્ય હતું .

(8) હાલાર : તેમાં હાલા જામના વંશજો એવા જાડેજાવંશના જામનગર, ગોંડલ, રાજકોટ, ધ્રોલ અને ધ્રાફાના રાજ્યો તથા અન્ય સંસ્થાન હતા.

( 9 ) મચ્છુકાંઠો : તેમાં મચ્છુનદીના કાંઠે આવેલા જાડેજા વંશના મોરબી અને માળિયાના રાજ્યો હતા.

(10) ઓખામંડળ : તેમાં ઓખા, શંખોદ્ધાર બેટ તથા દ્વારકાની આસપાસનો કચ્છીગઢ, આરંભડ, પોશીત્રા, ધાણાકી, મઠી વગેરે હતા.[2]

પોલિટિકલ એજન્સી જે સૌરાષ્ટ્રમાં સ્થાપવામાં આવી હતી તેમાં બ્રિટિશ સરકાર તરફથી મુખ્ય અધિકારી તરીકે એક પોલિટિકલ એજન્ટની નિમણૂક કરવામાં આવી હતી. તે સીધો મુંબઈના ગવર્નરને જવાબદાર હતો. તેની મુખ્ય કચેરી તથા બ્રિટિશ સેનાની રાજકોટ ખાતે રાખવામાં આવી હતી. તે માટે રાજકોટ રાજ્ય પાસેથી જમીન લેવામાં આવી હતી.કાઠીયાવાડ પોલિટિકલ એજન્સીના પ્રથમ પોલિટિકલ એજન્ટ તરીકે કેપ્ટન આર. બાર્નવેલને નીમવામાં આવ્યા હતા. તેઓ ઈ.સ. 1820 થી 1826 આ હોદ્દા ઉપર રહ્યા હતા. પોલિટિકલ એજન્ટ એ સંપૂર્ણ મુખ્ય વહીવટી અમલદાર હતો. આવડા વિશાળ પ્રદેશનો વહીવટ યોગ્ય રીતે કરવા માટે તેના ચાર પ્રાંત પાડવામાં આવ્યા હતા.(1) ઝાલાવાડ, (2) હાલાર, (3) સોરઠ અને (4) ગોહિલવાડ. આ પ્રાંતોના વહીવટ

2. સૌરાષ્ટ્ર ઇતિહાસ દર્શન , પૃષ્ઠ 40 -41

ઉપર દેખરેખ રાખવા માટે દરેક પ્રાંતમાં એક આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ નીમવામાં આવ્યો હતો .આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના વડા મથક સિવિલ સ્ટેશન તરીકે ઓળખાતા હતા. ઝાલાવાડનું સિવિલ સ્ટેશન રાજકોટમાં, સુરતનું માણેકવાડામાં અને પછીથી જેતલસરમાં અને ગોહિલવાડનું સોનગઢમાં હતું.

ઈ.સ. 1820 થી 1857 સુધી સૌરાષ્ટ્ર સહિત ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન રહ્યું. 1857 ના વિદ્રોહ પછી 1858માં ઇંગ્લેન્ડની સરકારે હિંદમાંથી કંપનીના શાસનનો અંત લાવી તેના સ્થાને તાજે પોતાની સંતા સંભાળી લીધી હતી. પરિણામે સૌરાષ્ટ્રનો પ્રદેશ પણ 1858 થી તાજના શાસન હેઠળ આવ્યો. 1857 ના વિદ્રોહ પછી બ્રિટિશ સરકારે દેશી રાજ્યો સાથે માનપૂર્વકનો વ્યવહાર શરૂ કર્યો. 1863 માં કર્નલ કીટીંગે સૌરાષ્ટ્રના રાજ્યોનું સાત વર્ગમાં વર્ગીકરણ કર્યું. ત્યાર પછી ઈ.સ.1866 માં આ રાજ્યોના સલામી અને બિનસલામી એવા વર્ગ પાડવામાં આવ્યા હતા. તે અનુસાર રાજ્યોને 9 થી 15 તોપો સુધીની સલામી આપવાનું શરૂ કરાયું હતું. 1863 માં કર્નલ કીટીંગે કરેલા રાજ્યોના વર્ગીકરણ તથા તેની વહીવટી વ્યવસ્થા છેક 1923 સુધી કોઈ મુખ્ય ફેરફાર વિના ચાલુ રહી હતી. માત્ર 1902 માં એક નાનો ફેરફાર કરી સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સરકારના સર્વોચ્ચ વહીવટી અધિકારી જે “ પોલિટિકલ એજન્ટ ઓફ કાઠિયાવાડ” કહેવાતો, તેને હવે ‘એજન્ટ ટુ ધ ગવર્નર ઇન કાઠીયાવાડ’ નું બિરુદ આપવામાં આવ્યું. તો સૌરાષ્ટ્રના ઝાલાવાડ, સોરઠ, હાલાર અને ગોહિલવાડના પ્રાંત અધિકારીઓને હવે ‘આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ’ ના બદલે ‘પોલિટિકલ એજન્ટ’ નામ અપાયું.

### બ્રિટિશ પોલિટિકલ એજન્સીની પ્રવૃત્તિઓ

**(1) સામાજિક સુધારાની પ્રવૃત્તિ** :- સૌરાષ્ટ્રમાં જાડેજા તથા જેઠવા કુટુંબોમાં દીકરીઓને દૂધ પીતી કરવાની પ્રથા હતી. તેને નાબૂદ કરવામાં અનેક બ્રિટીશ અમલદારોએ મહત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે ઉપરોક્ત વંશના રાજ્યો પાસેથી કરાર કરાવી દૂધ- પીતી કરવાના રિવાજો પર પ્રતિબંધ મૂક્યો હતો. રાજકોટના રાજવી સુરાજી (1825 – 44) ના રાજ્યકાળમાં રાજકોટમાં દૂધ- પીતીનો પ્રસંગ બનતા તેમને 12 હજાર રૂપિયાનો ભારે દંડ પણ કરવામાં આવ્યો હતો. રાજકોટના રાજવી મેરામણજી ચોથા (1848 – 62 ) આ પ્રથાને દૂર કરવા સક્રિય પ્રયત્નો કર્યા હતા તે માટે 1857 મા બ્રિટિશ સરકાર તરફથી સોનાનો હાર બક્ષિસ તરીકે આપવામાં આવ્યો હતો.[3] બ્રિટિશ એજન્સી પોતાના અધિકારીઓ મારફત સામાજિક દૂષણોને ડામવાની પ્રવૃત્તિ પણ કરતી હતી.

**(2) પ્રજા કલ્યાણની પ્રવૃત્તિ** :- શિક્ષણના વિકાસ માટે લેંગ કન્યાશાળા, વોટસન મ્યુઝિયમ, બાર્ટન ફીમેલ ટ્રેનિંગ કોલેજ, રાજકુમાર કોલેજ, આલ્ફ્રેડ હાઇસ્કુલ, માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ જેવી સ્કૂલો, કોલેજ તથા લાઇબ્રેરી અને આરોગ્ય સેવાઓના વિકાસ માટે વેસ્ટ હોસ્પિટલ જેવી અનેક હોસ્પિટલો પણ સ્થાપવામાં આવી હતી. રસ્તાઓના

3. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ઠ – 131

વિકાસ માટે ફંડ ઊભું કરીને નવા રસ્તાઓ બાંધવામાં આવ્યા હતા. રાજ્યો દ્વારા રેલ્વે લાઈન નાખવાની પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. શાળા, કોલેજ, હોસ્પિટલ,પુસ્તકાલય,રેલ્વે લાઈનો, ડેમ જેવા જાહેર બાંધકામોના ઉદ્ઘાટન માટે ભારતના ગવર્નર જનરલ કે મુંબઈના ગવર્નર જનરલ કે રાજકોટના પોલિટિકલ એજન્ટને બોલાવી તેના ઉદ્ઘાટકના નામ ઉપરથી તેનું નામકરણ કરતા હતા. આજે પણ વિલિંગડન ડેમ, કેનેડી બ્રિજ, કાર્નેગી ફાઉન્ટન , લેંગ લાઇબ્રેરી, વેસ્ટ હોસ્પિટલ , આલ્ફ્રેન્ડ હાઇસ્કુલ જેવા નામો તત્કાલીન બ્રિટિશ શાસનના વારસારૂપ છે.

**(3) વિશ્વયુદ્ધમાં સહાયની પ્રવૃત્તિ**:- પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ સમયે બ્રિટિશ એજન્સીએ સૌરાષ્ટ્રના રાજ્યો અને બ્રિટિશ સાર્વભૌમ સત્તાને મદદરૂપ થવા જણાવતા મોટાભાગના રાજ્યોએ વસ્તુઓ, સાધનો, માણસો તથા નાણાની ઉદાર હાથે મદદ કરી હતી. રાજ્ય તથા પ્રજાએ યુદ્ધ માટેની લોનમાં પણ મોટી રકમ રોકી હતી. કેટલાક રાજવીઓ તો યુદ્ધ મોરચે સક્રિય કામગીરી બજાવવા પણ ગયા હતા. આમ બ્રિટિશ સાર્વભૌમ સત્તાને સંકટના સમયે મદદરૂપ થવામાં પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિ પણ બ્રિટિશ એજન્સી કરી હતી.[4]

**(4) રાષ્ટ્રીય ચળવળ પ્રત્યેનો અભિગમ**:- બ્રિટિશ એજન્સી રાષ્ટ્રીય ચળવળના સ્વાભાવિક રીતે નાપસંદ કરતી હતી. રાષ્ટ્રીય ચળવળની કોઈ પ્રવૃત્તિમાં સૌરાષ્ટ્રના રાજ્યો દ્વારા કોઈ પ્રોત્સાહન ન મળે તે અંગે એજન્સી ખૂબ જ સાવચેત હતી. રાજાઓને પણ એવો ભય હતો કે જો તેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપશે તો બ્રિટિશ સરકાર નારાજ થશે અને તેમનો રાજા પદ ભયમાં મુકાઈ જશે, તેથી સૌરાષ્ટ્રના મોટાભાગના રાજ્યો પ્રતિક્રિયાવાદી નીતિ અપનાવતા હતા. ઈ.સ.1921 માં કાઠીયાવાડ રાજકીય પરિષદનું પ્રથમ અધિવેશન રાજકોટના પ્રગતિશીલ ઉદારવાદી રાજવી લાખાજીરાજે રાજકોટમાં ભરવાની પરવાનગી આપી હતી, જો કે બ્રિટિશ એજન્સી એ રાજકોટ રાજ્ય તેવી પરવાનગી ન આપે તેવા પ્રયત્નો કર્યા હતા. બ્રિટિશ એજન્સીની નારાજગી છતાં લાખાજીરાજે રાજકોટમાં રાષ્ટ્રીય શાળા માટે નજીવા દરે જમીન આપી હતી. લાખાજીરાજ પછી તેમના પુત્ર ધર્મેન્દ્રસિંહજીના શાસનમાં ઈ.સ. 1938 – 39 માં રાજકોટ સત્યાગ્રહ થયો ત્યારે રાજ્યે સરદાર પટેલ સાથે સમાધાન કર્યું હતું, તે બ્રિટિશ પોલિટિકલ એજન્ટ વીરાવાળા મારફત ફોક કરાવ્યું હતું. આમ રાષ્ટ્રીય ચળવળમાં કાઠીયાવાડ ભાગ ન લે તે માટેના અનેક પ્રયત્નો બ્રિટિશ એજન્સી એ કરેલા હતા.

**(5) આંતરરાષ્ટ્રીય લૂંટ કે ધાડ પ્રત્યેની નીતિ અને પ્રવૃત્તિ**:- રાજકોટમાં બ્રિટિશ એજન્સીની સ્થાપના પછીના વર્ષોમાં તેમણે સૌરાષ્ટ્રમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપવાની પ્રવૃત્તિને પ્રથમ સ્થાન આપ્યું હતું. પ્રદેશની શાંતિ જોખમાય તેવા જ પ્રસંગોમાં તેમણે દખલગીરી કરી હતી. આવા અમુક પ્રસંગો હતા. જેમકે – ગોંડલ રાજવી ચંદ્રસિંહજી(1821-

---

4. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ઠ - 131

1841)ના શાસન દરમિયાન ગોંડલની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી. તેથી તે બ્રિટિશ સરકારને ખંડણી ભરપાઈ કરી શકતું ન હતું. તેથી બ્રિટિશ એજન્સી એ તે રાજ્યમાં જપ્તી બેસાડી હતી. જ્યારે જુનાગઢ રાજ્યની સેનાએ ગોંડલ તાંબાના ધોરાજી પરગણામાં ધાડ પાડી લૂંટ ચલાવી હતી તો તેની ફરિયાદ ઈ.સ. 1824 માં ગોંડલ રાજ્યે બ્રિટીશ એજન્સીમાં કરતા બ્રિટિશ એજન્સીએ કેપ્ટન ડી.એ. બ્લેનની સરદારી હેઠળ એક સેના મોકલી જુનાગઢ પાસેથી લૂંટનો માલ પાછો અપાવ્યો હતો અને સૌરાષ્ટ્રમાં અશાંતિ ઊભી કરવા બદલ તથા અન્ય રાજ્ય ગોંડલને હેરાન કરવા બદલ જુનાગઢ પાસેથી 6.85 લાખ કોરી એટલે કે 1.75 લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો હતો.[5] તેવી જ રીતે કોળીઓ તથા સંધીઓએ કચ્છના પ્રદેશમાંથી મોરબી તથા ધાંગધ્રા રાજ્યોની ઉપર આક્રમણ કર્યા હતા ત્યારે મોરબી તથા ધાંગધ્રા રાજ્યોની વિનંતીથી બ્રિટિશ એજન્સીએ કેપ્ટન મેકમર્ડોને સેના સાથે મોકલી મોરબી તથા ધાંગધ્રા રાજ્યોની સરહદ ઉપર લશ્કરી થાણા બેસાડી ત્યાંથી કચ્છ તરફથી લૂંટફાંટ થતી હતી તે બંધ કરાવી હતી અને આ પ્રદેશમાં થયેલા લૂંટના વળતર તરીકે કચ્છ પાસેથી બે લાખ અપાવ્યા હતા એટલે કે જ્યારે લૂંટ અને અશાંતિ ઊભી કરવાના પ્રસંગોમાં બ્રિટિશ એજન્સી પોતાની સેનાનો ઉપયોગ કરતી હતી.

**(6) ખંડણીની ઉઘરાણીની પ્રવૃત્તિ**:- સૌરાષ્ટ્રની અંદર બ્રિટિશ એજન્સી પેશ્વાઓની વારસદાર હોવાથી કાઠીયાવાડના રાજ્યો પાસેથી તેને ખંડણી લેવાનો હક હતો. વડોદરા રાજ્ય પોતાની ખંડણીની રકમ અને જૂનાગઢ રાજ્ય પોતાની જોરતલબીની રકમ ઉઘરાવવાની કામગીરી પણ બ્રિટિશ એજન્સીને સોપી હતી. આ ત્રણેય ખંડણીની નિશ્ચિત રકમ ઉઘરાવતી વખતે જો કોઈ રાજ્ય તે આપવાની ના પાડે તો તે રાજ્ય ઉપર બ્રિટિશ એજન્સી જપ્તી બેસાડતી હતી. જેમકે ગોંડલ રાજ્યમાં ચંદ્રસિંહજીના રાજ્યકાળ દરમિયાન તે ખંડણી ભરી શકે તેમ ન હોવાથી ત્યાં બ્રિટિશ જપ્તી બેસાડાઈ હતી.[6]

**(7) રાજ્યોમાં બ્રિટિશ મેનેજમેન્ટની પ્રવૃત્તિ**:- સૌરાષ્ટ્રના રાજ્યોમાં જ્યારે કોઈ રાજવી અપુત્ર મરણ પામે અને વારસદાર અંગેનો વિવાદ થાય અથવા વારસદાર સગીર હોય અથવા રાજ્યની અંદર અવ્યવસ્થા ફેલાઈ હોય તેવા સંજોગોમાં બ્રિટિશ એજન્સી દરમિયાનગીરીને કરીને તે રાજ્યમાં પોતાની દોરવણી હેઠળ મેનેજમેન્ટની સ્થાપના કરતી હતી. જેમકે (1) ભાવનગરના તખતસિંહજી 12 વર્ષના હતા અને ઈ.સ. 1870 માં ગાદીએ બેઠા અને કૃષ્ણકુમારસિંહજી ઈ.સ. 1917 માં સાત વર્ષના હતા અને ગાદીએ બેઠા ત્યારે (2) રાજકોટના બાવાજી છ વર્ષની ઉંમરે ઈ.સ. 1862 માં ગાદીએ બેઠા અને લાખાજીરાજ પાસે પાંચ વર્ષની ઉંમરે ઈ.સ. 1890 માં ગાદીએ બેઠા (3) ગોંડલના ભગવતસિંહજી ચાર વર્ષની ઉંમરે ઈ.સ. 1869 માં ગાદી બેઠા ત્યારે (4) મોરબીના વાઘજી બીજા 13 વર્ષની ઉંમરે ઈ.સ. 1870 માં ગાદી આવ્યા ત્યારે (5) ધાંગધ્રાના મયુરધ્વજસિંહજી 19 વર્ષની ઉંમરે

---

5. કાઠિયાવાડ સર્વસંગ્રહ , પૃષ્ઠ- 240

6. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ઠ - 130

ઈ.સ. 1942 માં ગાદી આવ્યા ત્યારે (6) પોરબંદરના ભોજરાજજી આઠ વર્ષની ઉંમરે ઈ.સ. 1831 માં અને નટવરસિંહજી 8 વર્ષની ઉંમરે ઈ.સ. 1908 માં ગાદી આવ્યા ત્યારે (7) વાંકાનેરના અમરસિંહજી બે વર્ષની ઉંમરે ઈ.સ. 1881 માં ગાદીએ આવ્યા ત્યારે (8) જામનગરના જશવંતસિંહજી 11 વર્ષની ઉંમરે ઈ.સ. 1895 માં ગાદી આવ્યા ત્યારે.[7] આવા બધા જ પ્રસંગોમાં બ્રિટિશ એજન્સીએ તે રાજ્યોની અંદર મેનેજમેન્ટ બેસાડ્યું અને પોતાના પ્રતિનિધિને એક વર્ષથી લઈને 19 વર્ષ સુધી રાજ્ય કરવાનો વહીવટ આપ્યો. તેનું પરિણામ એ આવ્યું કે રાજ્યોની અંદર ખોટા ખર્ચા નાબૂદ થયા, વહીવટ કાર્યદક્ષ થયો અને રાજ્યોનું આધુનિકીકરણ થયું. આમ બ્રિટિશ એજન્સીના મેનેજમેન્ટ હેઠળ વહીવટના પરિણામે સૌરાષ્ટ્રના રાજ્યોમાં પરોક્ષ એકરૂપતા આવી અને શાસન પ્રજાભિમુખ બન્યું અને અનેક લોકકલ્યાણના કાર્ય થયા.

**(8) સીમા કે હકુમતના પ્રશ્ન પરત્વેની પ્રવૃત્તિ:-** રાજ્ય રાજ્યો વચ્ચે જ્યારે સીમા કે હકુમત અંગેના વિવાદ થયો ત્યારે બ્રિટિશ એજન્સીએ દરમિયાનગીરી કરીને પોતાની સર્વોચ્ચ સત્તા સ્થાપિત કરતી હતી. જેમ કે, (1) અધોઈ મહાલની માલિકી અંગે કચ્છ અને જ્યાં મોરબીના રાજ્યો વચ્ચે વિવાદ થયો ત્યારે બ્રિટિશ એજન્સી એ બંનેના દવાની ચકાસણી કરીને મોરબીનો દાવો માન્ય રાખ્યો હતો.(2) ઈ.સ. 1822 માં વિસાવદરના કાઠી દરબાર બાવાવાળાએ વિસાવદર ઉપર પોતાનું હક દર્શાવ્યો અને જુનાગઢ રાજ્યમાં ન રાખ્યો ત્યારે બાવાવાળાએ જુનાગઢ રાજ્ય સામે થયેલા અન્યનું વિરોધમાં બહારવટુ કર્યું હતું ત્યારે બ્રિટિશ એજન્સી દરમિયાનગીરી કરીને જૂનાગઢ રાજ્ય દ્વારા બાવાવાળાનો દાવો માન્ય રખાવ્યો હતો.(3) ઈ.સ. 1816 માં બ્રિટિશ સત્તાએ ભાવનગર પાસેથી ઘોઘા, ધંધુકા અને રાણપુરના 116 ગામો ઉપરની દીવાની અને ફોજદારી હકુમત લઈ લીધી હતી તે એજન્સી 1866 માં તેને ફરીથી પાછી આપી હતી. (4) ઈ.સ. 1896 માં વડોદરા રાજ્યના સોમનાથના મંદિર અંગે તથા ગીરની સરહદ અંગે જુનાગઢ રાજ્ય સાથે વિવાદ થયો ત્યારે તે બંને મોટા રાજ્યોને વિનંતીથી બ્રિટિશ એજન્સીએ દરમિયાનગીરી કરીને મામલાની તપાસ કરી જુનાગઢ રાજ્યની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. (5) પોર્ટુગીઝ કબજા હેઠળના દીવ ટાપુમાં પીવાના પાણી પ્રશ્ને વિવાદ થયો ત્યારે બ્રિટિશ પ્રતિનિધિ એચ.આર.હિલે વાટાઘાટો કરી શાંતિ સ્થાપી હતી.[8]

**(9) બહારવટાના શમન કરવામાં સહાયની પ્રવૃત્તિ:-** સૌરાષ્ટ્ર રાજ્યમાં ગામ, ગરાસ કે અન્ય પોતાને થયેલા અન્યાયનો પોતાના અનુકૂળ નિર્ણય ન આવે ત્યારે સંબંધ કરતાં રાજ્ય સામે બહારવટુ શરૂ કરવાની એક સામાન્ય પ્રણાલિકા સૌરાષ્ટ્રમાં પ્રચલિત હતી. બહારવટાના પોતાના નૈતિક સિદ્ધાંતો હતા. સામાન્ય રીતે તેઓ સ્ત્રીવર્ગ, બ્રાહ્મણ, અનાથ વગેરેને હેરાન કરતા નહીં. મોટાભાગે રાજ્યના માલમિલકતને નુકસાન પહોંચાડતા. ઘણીવાર જે

7. સૌરાષ્ટ્રનો ઇતિહાસ પૃષ્ઠ - 130

8. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ઠ - 125

રાજ્યની સામે તેનું બહારવટુ હોય તે રાજ્યની હુકુમત હેઠળના ગામો લુટતા, તેથી તેની નિર્દોષ પ્રજા મુશ્કેલીમાં મુકાતી અને રાજ્યની સલામતી અને શાંતિ જોખમમાં મુકાતી હતી. તેથી તે રાજ્યની મદદ કરી સૌરાષ્ટ્રમાં શાંતિ અને વ્યવસ્થા આપવાના પોતાના કાર્યને અનુસરતી હતી. ભાવનગર રાજ્યમાં વિજયસિંહ ગોહિલના રાજ્યઅમલ દરમિયાન અવારનવાર ખસિયા, ખુમાણ, વાળા અને ખાચર કાઠીઓ વિદ્રોહ કરતા હતા ત્યારે બ્રિટિશ એજન્સીએ કાઠીઓના બહારવટ શમાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ઈ.સ. 1857 ના વિદ્રોહ સમયે ઓખા મંડળના વાઘેરોએ બંડપોકાર્યું હતુ. ઓખા અને દ્વારકા આસપાસના ઓખામંડળ તરીકે ઓળખાતા પ્રદેશમાં રહેતા વાઘેરો ગાયકવાડ કે અંગ્રેજોની હકુમતના વિરોધી હતા. ઈ.સ. 1820માં તેમણે ગાયકવાડ સામે વિદ્રોહ કરેલો. તે ઈ.સ. 1822 માં ગાયકવાડે બ્રિટિશ એજન્સીની મદદથી શમાવી દીધો હતો.[9] ઈ.સ.1883 માં જુનાગઢ રાજ્યની સામે કનડાના ડુંગર ઉપર મૈયાઓ રિસામણે બેઠા હતા ત્યારે અનેક મહિયાઓની નિર્દય રીતે જુનાગઢ રાજ્ય હત્યા કરતા તે અંગેની રાજકોટ બ્રિટિશ એજન્સીમાં ફરિયાદ થઈ હતી. આ અમાનવીય કૃત્ય માટે જૂનાગઢના દિવાન, નાયબ દિવાન તથા પોલીસ સુપ્રીડેન્ટને હોદ્દા ઉપરથી હટાવવાનું સૂચવ્યું હતું. તે ઉપરાંત ઈ.સ. 1884 માં કાદુ મકરાણી નામના બહારવટીયાને પકડવા ગયેલી જૂનાગઢની સેના ઉપર દેખરેખ રાખવા બ્રિટિશ મેજર્સ કોર્ટને મોકલવામાં આવ્યા હતા. કાદુ મકરાણીને કરાચીમાંથી પકડાયો ત્યારે તેને ઈ.સ. 1873 માં ફાંસીની સજા આપવામાં આવી હતી. ઈ.સ. 1892 માં માળીયા મીયાણામાં વાલો નામેરી નામે બહારવટે ચડ્યો હતો, ત્યારે બ્રિટિશ એજન્સી અને માળિયાની પોલીસ પકડવામાં નિષ્ફળ ગઈ હતી. બ્રિટિશ એજન્સીએ ખાસ યુરોપિયન પોલીસ અમલદારની નિમણૂક કરી અને લશ્કરની મદદ લીધી હતી તેથી તેમાં તે મરાયો હતો. આમ સૌરાષ્ટ્રમાં વિવિધ રાજ્યો સામે થયેલા બહારવટાના રોકવામાં એજન્સીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

**(10) વિવિધ દરબારોનું આયોજન કરવાની પ્રવૃત્તિ:-** સૌરાષ્ટ્રના રાજવીઓ બ્રિટિશ સત્તાની પ્રીતિ સંપાદન કરવા હંમેશા પ્રયત્નશીલ રહેતા હતા. તેથી બ્રિટિશ સત્તા તરફથી રાજકોટ, મુંબઈ કે દિલ્હીમાં યોજાતા દરબારમાં તેઓ ભાગ લેવાનું ચૂકતા નહીં. ઈ.સ. 1877 માં રાણી વિક્ટોરિયાના શાસનકાળનાં 40 વર્ષ પુરા થતા દિલ્હીમાં દરબાર ભરાયો હતો. તેમાં સૌરાષ્ટ્રના ઘણા રાજવીઓ હાજર રહ્યા હતા. આ સમયે તેમને રજ્યચિહ્ન અને રાજયધ્વજ આપીને તેમને આપવાની સલામીની સંખ્યા નક્કી કરવામાં આવતી હતી. ઈ.સ. 1887માં વિક્ટોરિયાના શાસનની સુવર્ણ જયંતીની ઉજવણી લંડનમાં થઈ ત્યારે સૌરાષ્ટ્રના રાજવીઓના પ્રતિનિધિ તરીકે ગોંડલના ભગતસિંહ, મોરબીના વાઘજી ઠાકોર અને લીમડીના જશવંતસિંહજી તેમાં હાજર રહ્યા હતા. તેવી જ રીતે ઈ.સ. 1897 માં લંડનમાં યોજાયેલા ડાયમંડ જયુબીલીના ઉજવણી પ્રસંગે ગોંડલના ભગતસિંહજી હાજર રહ્યા હતા. 1887 ના સુવર્ણજયંતી અને ઈ.સ 1897 ના ડાયમંડ જયુબિલી સમારોહ સૌરાષ્ટ્રમાં પણ રાજકોટ, નવાનગર, જુનાગઢ,

9. આધુનિક ભારતનો ઇતિહાસ અને ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો ભાગ -1 , પૃષ્ઠ - 118

ભાવનગર, ગોંડલ, મોરબી, ધાંગધ્રા, પોરબંદર વગેરે રાજ્યોમાં પણ ધામધૂમથી ઉજવાયા હતા. જ્યારે કોઈ નવા રાજા ગાદીએ બેસે ત્યારે તેમના રાજ્યરોહણ પ્રસંગે યોજતા દરબારમાં બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે પોલિટિકલ એજન્ટ હાજરી આપતા. વળી સૌરાષ્ટ્રના રાજ્યો અને તેમની કાર્યક્ષમતા તથા બ્રિટિશ સરકાર પ્રત્યેની વફાદારી અનુસાર અનેક ઈલકાબો પણ અપાવવામાં આવતા હતા. રાજકોટ અથવા જે તે રાજાની રાજધાનીના શહેરમાં દરબાર ભરવામાં આવતો અને તેના આયોજનની પ્રવૃત્તિ પણ રાજકોટની બ્રિટિશ એજન્સી કરતી હતી.[10] આમ સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની અનેક પ્રવૃત્તિઓ જોવા મળે છે.

10. સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૃષ્ઠ - 129

Certificate No.:010212202318


multidisciplinary COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (on-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**મકવાણા કેવલકુમાર રવજીભાઈ**

In recognition of the publication of the paper entitled

**સૌરાષ્ટ્રમાં બ્રિટિશ પોલિટિકલ એજન્સીની પ્રવૃત્તિઓ**

Published in Volume 01, Issue 02, December 2023.

**EDITOR IN CHIEF**